ક્રમાંક: મકમ/ESC2/૨૦૧૮/7510-76
ઉચ્ચ શિક્ષણ કમિશ્નરની કચેરી,
બ્લોક નં- ૧૨, બીજે માળ,
ડૉ. જીવરાજ મહેતા ભવન,
ગુ. રા., ગાંધીનગર.

તા.૯/૦૮/૨૦૧૮

પ્રતિ,
આચાર્યશ્રી,
સરકારી કોલેજો,
તમામ.

વિષય : આંતરીક ગુણાંકન માટે સતત મૂલ્યાંકનની એકસમાન પદ્ધતિ અમલમાં મૂકવા બાબત

સંદર્ભ: શિક્ષણ વિભાગનો તા. ૦૬/૦૬/૨૦૧૮નો ઠરાવ ક્રમાંક: પરચ/૨૦૧૮/૬૧/ખ-૧

શ્રીમાન,

ઉપરોક્ત વિષય પરત્વે જણાવવાનું કે સંદર્ભ દર્શિત ઠરાવથી ગુજરાત સરકારશ્રી દ્વારા રાજ્યની તમામ યુનિવર્સિટીઓમાં સમાન શૈક્ષણિક કેલેન્ડર અમલમાં મુકવામાં આવેલ છે. સદરહુ ઠરાવમાં જ યુનિવર્સિટી સંલગ્ન કોલેજો આંતરિક પરીક્ષાને બદલે વિદ્યાર્થીઓનું સતત મુલ્યાંકન કરે તે બાબત પણ સુચવવામાં આવેલ છે. રાજ્યની યુનિવર્સિટીઓ દ્વારા ઠરાવનો અમલ કરવામાં આવેલ છે જે અનુસાર રાજ્યની તમામ કોલેજોમાં રજાઓ, પરીક્ષા અને પ્રવેશ પ્રક્રિયા માટે નિયત સમયમર્યાદા નક્કી કરવામાં આવેલ છે.

રાજ્યની વિનયન, વિજ્ઞાન, વાણિજ્ય, કાયદા અને શિક્ષણ વિદ્યાશાખાની સરકારી કોલેજો વિવિધ યુનિવર્સિટીઓ સાથે જોડાણ ધરાવે છે. સદર કોલેજોમાં આંતરિક પરીક્ષાઓને બદલે સતત મુલ્યાંકન વડે વિદ્યાર્થીઓનું એસેસમેન્ટ થાય તે માટે ગુજરાત સરકારશ્રી અને યુ.જી.સી આગ્રહ સેવે છે તથા યુનિવર્સિટીઓ દ્વારા પણ તેને પ્રોત્સાહન આપવામાં આવે છે.

આવા સંજોગોમાં જો રાજ્યની તમામ સરકારી કોલેજોમાં આંતરિક ગુણાંકન માટેની એકસમાન પદ્ધતિ અનુસરવામાં આવે તો રાજ્ય સરકારશ્રીના પ્રયત્નોમાં સહભાગી બની શકાય તેમ છે. આથી રાજ્યની સરકારી કોલેજોમાં આંતરિક ગુણાંકન માટે ફક્ત આંતરિક પરીક્ષાઓને બદલે નીચે સુચવ્યા મુજબની એકસમાન પદ્ધતિ અનુસરવા જણાવવામાં આવે છે.

આંતરિક ૩૦ ગુણના મુલ્યાંકન માટેના એસેસમેન્ટ ટુલ્સ અને તેનુ ભારાંક:

| ક્રમ | એસેસમેન્ટ ટુલ્સ | ભારાંક |
|---|---|---|
| ૧ | **અઠવાડિક પરીક્ષાઓ.** સેમેસ્ટર દરમ્યાન પેપર દીઠ ઓછામાં ઓછી બે પરીક્ષાઓ જેમાંથી જે પરીક્ષામાં વધુ ગુણ મેળવ્યા હોય તેની ગણતરી આંતરીક ગુણાકન માટે ધ્યાનમાં લેવી. | ૧૦ |
| ૨ | સેમેસ્ટર દરમ્યાન પેપર દીઠ ઓછમાં ઓછા એક **એમ.સી.ક્યુ ટેસ્ટ** અથવા **ઓનલાઇન ટેસ્ટ** (ઓનલાઇન ટેસ્ટ ગૂગલ ફોર્મમાં લઇ શકાય) | ૦૫ |
| ૩ | **એસાઇનમેન્ટસ્**. પેપર દીઠ ઓછામાં ઓછા ચાર એસાઇનમેન્ટસ્. | ૧૦ |
| ૪ | વિદ્યાર્થીઓની સમગ્ર સેમેસ્ટર દરમ્યાનની **હાજરી** | ૦૫ |
| | કુલ | ૩૦ |

ઉકત એકસમાન આંતરીક ગુણાંકન માટેની પદ્ધતીનો ચાલુ શૈક્ષણિક વર્ષથી અમલ થાય તે સુનિશ્ચિત કરવા જણાવવામાં આવે છે.

નિયામક
ઉચ્ચ શિક્ષણ કમિશ્નરની કચેરી
ગુ.રા., ગાંધીનગર.